# IIT-ગાંધીનગરને સાતત્યપૂર્ણ વિકાસનું રિસોર્સ સેન્ટર બનાવાશે

**નવગુજરાત સમય** > અમદાવાદ

આઈઆઈટી, ગાંધીનગર ખાતે આજે જળ, ઊર્જા અને આબોહવામાં પરિવર્તન અંગે રિસર્ચ દ્વારા સ્થાનિક અને વૈશ્વિક સમસ્યાઓ ઉકેલવા માટે ડો. કિરણ સી. પટેલ સેન્ટર ફોર સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ શરૂ કરવામાં આવ્યું છે.

આ સેન્ટરમાં આગામી દિવસોમાં જળ, પ્રદૂષણ, વેસ્ટ મેનેજમેન્ટ, ઊર્જા, કુદરતી સંસાધનો અને આબોહવામાં પરિવર્તન અંગે સંશોધનો હાથ ધરવામાં આવશે. આ સેન્ટર સાતત્યપૂર્ણ વિકાસ માટે એનજીઓ, સરકાર અને ઉદ્યોગોને પણ જરૂરી સહકાર પૂરો પાડશે. આ સેન્ટરનું નામ જેમના પરથી આપવામાં આવ્યું છે તે ડો.કિરણ સી.પટેલ ટામ્પા, ફ્લોરિડામાં કાર્ડિયોલોજિસ્ટ છે.

આ પ્રસંગે ડો. કિરણ પટેલે કહ્યું કે આવનારી પેઢી સામે સૌથી મોટો પડકાર સ્વચ્છ હવા, કુદરતી સંસાધનો અને બિન-ઝેરી પર્યાવરણની અછત રહેશે. આ પ્રસંગે આઈઆઈટીના ડાયરેક્ટર ડો. સુધીર જૈને કહ્યું કે આઈઆઈટી ગાંધીનગર કેમ્પસ પોતાની ઈકો ફ્રેન્ડલી અને સાતત્યપૂર્ણ ડિઝાઈન માટે 5 સ્ટાર રેટિંગ પ્રાપ્ત કરનારુ પહેલું કેમ્પસ બન્યું છે.

**Title:** IIT Gandhinagar wil be shaped as the principal resource centre for sustainable development
**Source:** Nav Gujarat Samay (Ahmedabad Samay, pg no. 3)
**Date:** 31-01-2019